અપીલ અરજી નં.૬૯૪ તા.૧૫–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી રોશનલાલ શીવલાલ શાહ
સામાવાળા :– સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–લીંબાયતઝોન

**ફરીયાદની હકીકત:–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રોશનલાલ શીવલાલ શાહની તા. ૦૪–૦૧–૧૨ની અરજીથી સહારા દરવાજા બહાર ગાર્ડનમીલ સામે બંધોયલ તીરૂપતી પ્લાઝા કોમ્પલેક્ષ તથા સાંઈકિરણ કોમ્પલેક્ષની આકારણી બાબત મુદ્દા નં. (૧) તીરૂપતી પ્લાઝા કોમ્પલેક્ષ તથા સાંઈકિરણ કોમ્પલેક્ષના બાંધકામ થયાને આશરે ૧૦ વર્ષ કરતા વધારે સમય થયેલ છે કોમ્પલેક્ષની નીચે બનાવેલ બેઝમેન્ટો આકારણી દફતરે દાખલ છે કે કેમ ? જો દાખલ હોય તો કયા ટેનામેન્ટથી કોના નામે અને કયારથી તથા કયા ઉપયોગથી દાખલ છે તેની સંપૂર્ણ સાચી માહિતી સરલ અને સ્પષ્ટ ભાષામાં આપશોજી. વિ. મુદ્દા નં. (૧) થી (૭)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૯૪/૨૦૧૧–૧૨

શ્રી રોશનલાલ શીવલાલ શાહની તા. ૦૪–૧–૧૨ની અરજીથી સહારા દરવાજા બહાર ગાર્ડનમીલ સામે બંધોયલ તીરૂપતી પ્લાઝા કોમ્પલેક્ષ તથા સાંઈકિરણ કોમ્પલેક્ષની આકારણી બાબત મુદ્દા નં. (૧) તીરૂપતી પ્લાઝા કોમ્પલેક્ષ તથા સાંઈકિરણ કોમ્પલેક્ષના બાંધકામ થયાને આશરે ૧૦ વર્ષ કરતા વધારે સમય થયેલ છે કોમ્પલેક્ષની નીચે બનાવેલ બેઝમેન્ટો આકારણી દફતરે દાખલ છે કે કેમ ? જો દાખલ હોય તો કયા ટેનામેન્ટથી કોના નામે અને કયારથી તથા કયા ઉપયોગથી દાખલ છે તેની સંપૂર્ણ સાચી માહિતી સરલ અને સ્પષ્ટ ભાષામાં આપશોજી. વિ. મુદ્દા નં. (૧) થી (૭)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૫–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૨૦૭૩ તા. ૨૩–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે અને તે બાદ નારાજગી હોય તો નકલ સહ, આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા. ૦૪–૧–૧૨ની અરજીથી સહારા દરવાજા બહાર ગાર્ડનમીલ સામે બંધોયલ તીરૂપતી પ્લાઝા કોમ્પલેક્ષ તથા સાંઈકિરણ કોમ્પલેક્ષની આકારણી બાબતે મુદ્દા નં. (૧) થી (૭)ની માહિતી માંગતી અરજી કાર્યપાલક ઈજનેરશ્રી તથા ઝોનલચીફશ્રી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં કોઈ પ્રત્યુત્તર ન મળતા તા. ૧૫–૩–૧૨ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. જેમાં અરજીના મુદ્દા નં. (૧) તીરૂપતી પ્લાઝા કોમ્પલેક્ષ તથા સાંઈકિરણ કોમ્પલેક્ષના બાંધકામ થયાને આશરે ૧૦ વર્ષ કરતા વધારે સમય થયેલ છે કોમ્પલેક્ષની નીચે બનાવેલ બેઝમેન્ટો આકારણી દફતરે દાખલ છે કે કેમ ? જો દાખલ હોય તો કયા ટેનામેન્ટથી કોના નામે અને કયારથી તથા કયા ઉપયોગથી દાખલ છે તેની સંપૂર્ણ સાચી માહિતી સરલ અને સ્પષ્ટ ભાષામાં આપશોજી. (૨) તીરૂપતી પ્લાઝા કોમ્પલેક્ષ બંધાયું ત્યારથી નીચે બનાવેલ બેઝમેન્ટનો કોર્મશીયલ ઉપયોગ માટે ભાડે આપેલ છે. જે આકારણી દફતરે દાખલ છે કે કેમ ? જો દાખલ હોય તો તેની સંપૂર્ણ વિગત આપશોજી. (૩) બંને કોમ્પલેક્ષમાં ચાલતી હોટલોમાં કેટલી રૂમો છે તેની આકારણીની સંપૂર્ણ વિગત સાથેની માહિતી આપશોજી.(૪) પ્લાન બતાવેલ કોમપ્લેક્ષના પાર્કિંગોની આકારણી દફતરે કોના નામે અને કયારથી અને કયા ઉપયોગથી તથા કયા ટેનામેન્ટથી દાખલ છે તેની સંપૂર્ણ માહિતી આપશોજી.(૫) તીરૂપતી પ્લાઝા કોમ્પલેક્ષના પ્લાનમાં બતાવેલ પાર્કિંગની જગ્યામાં હોર્ડીંગબોર્ડ મુકાયેલ છે તેની પરમીશન કયા આધારે અને કઈ રીતે અપાય તેની સંપૂર્ણ વિગત સાથે માહિતી આપશોજી.(૬) પાર્કિંગ શોપીંગના સભ્યોની સંયુકત મિલકત હોય છે છતાં

પાર્કિંગની આકારણી માલીકી ધોરણે કરવામાં આવેલ છે જે કયા આધારે કરવામાં આવેલ છે તેની સંપૂર્ણ વિગત સાથે માહિતી આપશોજી. (૭) અરજદાર દ્રારા લીંબાયત ઝોનમાંથી પાર્કિંગમાં મુકાયેલ હોર્ડીંગબોર્ડ બાબતે વારંવાર માહિતી માંગવામાં આવેલ પરંતુ દરેક વખતે મધ્યસ્થ શહેર વિકાસ ખાતાની જવાબદારીનું બહાનું કાઢી ગોલ ગોલ જવાબ આપવામાં આવી રહેલ છે તે બાબતે આપશ્રી ખુલાસો કરી સાચી માહિતી આપશોજી. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પુરી પડાયેલ જણાતી નથી તથા માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૫–૩–૧૨ ધ્યાને લેતાં ૧૩–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૮–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૪–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલી ન હોઈ, દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં પૂરી પાડવા સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ, સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–લીંબાયતઝોન ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રોશનલાલ શીવલાલ શાહ,